# રાજકુમારનો હૃદયપલટો

રાજા ભીમસિંહ.

તેના સમયમાં તે બહાદુર અને દયાળુ રાજા મનાતો હતો. તેના રાજ્યમાં લોકો સર્વ વાતે સુખી હતા. અમીર-ગરીબ સૌ કોઇની સાથે તેનો વ્યવહાર એક સમાન હતો. ખૂબ ન્યાયી રાજા હતો, અને તે કારણથી તેની પ્રજા તેના પર ખૂબ રાજી રહેતી હતી.

રાજા ભીમસિંહને કોઇ સંતાન નહોતું. તેને કારણે તે દુ:ખી રહ્યા કરતો હતો. રાજાની આ ઉદાસીનતા પ્રજાથી જોઇ શકાતી ન હતી. એટલે આ આખા દેશની તમામ જનતા મંદિરોમાં જઇને પોતાના રાજા માટે સંતાનની પ્રાર્થના કરતી.આખાય દેશમાં ઠેર-ઠેર યજ્ઞો-ભજન ભંડારા થતા, સંત- સાધુઓને જમાડવામાં આવતા.જેથી તેમના આર્શીવાદ ફળે અને રાજાને ઘેર પારણું બંધાય.

આ કાર્ય એક લાંબા અરસા સુધી ચાલુ રહ્યું.

રાજા ભીમસિંહ જાતે તેમની રાણી લીલાવતીને સાથે લઇને તીર્થયાત્રા પર નીકળી પડ્યો. તીર્થયાત્રાનો તેમનો મુખ્ય ઉદ્દેશ સંતાનપ્રાપ્તિનો હતો.

જેવાં રાજા-રાણી તેમની કઠિન અને લાંબી યાત્રા પરથી પાછાં આવ્યાં ત્યારે તેમની પ્રજાએ તેમનું ભાવભર્યું સ્વાગત કર્યું. અને આ રીતે જય જયકાર કર્યો.

'મહારાજા ભીમસિંહનો જય ...!'

'મહારાજા ભીમસિંહને પુત્ર મળજો . . . !'

'અમને રાજકુમાર આપો. . . !'

પ્રજાના મોંએથી એક જ અવાજ નીકળ્યો.

ભગવાને તેમની પ્રાર્થના સાંભળી. કહેવાય છે કે પ્રજાના અવાજમાં ભગવાનનો આદેશ સમાયેલો હોય છે.

રાણી લીલાવતીએ રાજકુમારને જન્મ આપ્યો.

પ્રજાના આનંદનો કોઇ પાર ન રહ્યો.

રાજાએ બહુ પુણ્ય-દાન કર્યું. પંડિતોએ વેદ મંત્રોની સાથે રાજકુમારના નામકરણ સંસ્કાર કર્યા. અર્જુનસિંહ નામ પાડ્યું. સર્વત્ર આનંદ-ઉત્સવ વરતાઇ રહ્યો.

અર્જુનસિંહ તેની પ્રજાનો પ્રેમ પામતો ઊછરતો ગયો. રાજાએ તેની શિક્ષા માટે દેશભરમાંથી ઉચ્ચ કોટિના વિદ્વાનોને બોલાવ્યા. સૈનિક તાલીમ માટે મોટા-મોટા વીર યોદ્ધાને તેડાવ્યા જે રાજકુમારને યુદ્ધકળામાં નિપુણ બનાવે.

આમ અર્જુનસિંહ યુવાન થઇ ગયો. રાજા-રાણી બંને યુવરાજને જોઇને અત્યંત ખુશ થઇ ગયાં. જ્યારે રાજકુમાર સવારમાં ઘોડેસ્વાર થઇને બહાર જતો ત્યારે રાણી તથા તેની દાસીઓ તેનાં ઓવારણાં લેતી.

'મારા ચાંદ જેવા લાલને કોઇની નજર ના લાગી જાય.'

રાજકુમાર મોટો થયો. તેની સાથે-સાથે એક વિચિત્ર બનાવ બનતો ગયો અને તે તેની હઠ . . . આ હઠને લીધે તેણે મહામંત્રીનું અપમાન કરી નાંખ્યું . . .

જ્યારે મહામંત્રી કેટલાંક ગરીબો અને નિ:સહાય લોકોને મદદ કરી રહ્યાં હતા, ત્યારે તે સમયે રાજકુમાર અર્જુનસિંહ ઘોડેસ્વાર થઇને ત્યાંથી પસાર થઇ રહ્યો હતો.

બધા લોકોએ રાજકુમારને પ્રણામ કર્યા.

'સવારના પહોરમાં આ શું થઇ રહ્યું છે, મંત્રીજી ?'

'રાજકુમાર ! આ લોકો બધા ગરીબ અને બેસહારા છે, ભૂખ્યાં છે . . . મહારાજની આજ્ઞા પ્રમાણે આપણા રાજ્યમાં કોઇ ભૂખ્યા અને લાચારને ખાલી હાથે પાછાં ન મોકલવાં જોઇએ.'

'મહામંત્રીજી ! તમને ખબર છે, આવી રીતે દેશનો ખજાનો લૂંટાવી દેવાથી શું પરિણામ આવશે ?'

'રાજકુમાર ! ગરીબ અને લાચાર લોકોની મદદ કરવાથી તો રાજા લોકોની જય જયકાર થાય છે. તેમને લોકો દયાળુ અને ભગવાન કહે છે. પોતાની પ્રજા પર દયા કરવી અને તેમનાં દુ:ખ દૂર કરવાં તે તો રાજાનું પરમ કર્તવ્ય છે . . . અમારા મહારાજ ભીમસિંહની આ સૌથી મોટી શાન છે . . .'

'ના, મહામંત્રીજી ! તે ખોટાં વખાણ છે. હું તે વાતોને નથી માનતો. આપણે એવા હરામખોરો અને નકામા રખડતા માણસોને દાન આપીને આપણા દેશનો ખજાનો ખાલી ના કરવો જોઇએ . . . જાઓ, તેમને કાઢી મૂકો.' અને પછી ક્રોધપૂર્વક તે લોકોને ત્યાંથી ચાલ્યા જવાનું કહ્યું.



તે લોકો ત્યાંથી ચાલ્યા ગયા.

પરંતુ . . . મહામંત્રીનું મન નારાજ થઇ ગયું. વાત રાજા સુધી પહોંચી ગઇ. રાજાજી આ વાત સાંભળીને બહુ ચિંતામાં પડી ગયા. તેમણે સ્વપ્નમાં પણ આવું નહોતું વિચાર્યું કે તેમનો પુત્ર આવો કઠોર અને પથ્થરહૃદયનો હશે ! રાજા ભીમસિંહ બહુ દુ:ખી થઇ ગયા.

રાત્રે તેમને ભોજન પણ ભાવ્યું નહીં.

આ બનાવ પછી તો તેની સાથે બીજી કેટલીક બીનાઓ જોડાતી ગઇ . . . રાજાને જ્યારે એ ખબર પડી કે,રાજકુમાર હઠીલો ઉપરાંત અત્યાચારી પણ બની રહ્યો છે. જેના કારણે પ્રજાના મનમાં તેના માટે તિરસ્કાર પેદા થઇ રહ્યો છે.

બહુ દુ:ખી થઇને રાજાએ દેશના બધા વિદ્વાનો, સાધુ-સંતોને પોતાના દરબારમાં બોલાવ્યા, અને તેમની સમક્ષ પોતાના મનનું દુ:ખ કહી સંભળાવ્યું.

એક બુદ્ધ ભિક્ષુએ તે બીડું ઝડપ્યું. રાજકુમારનો હૃદયપલટો કરવાનું કાર્ય કાંઇ નાનું-સૂનું નહોતું.

*

બીજે દિવસે સવારે અર્જુનસિંહ તેના ઘોડા પર બેસીને જંગલ તરફ શિકાર કરવા નીકળી પડ્યો. પેલા બુદ્ધ ભિક્ષુ તેના રસ્તામાં આવીને ઊભા રહ્યા. રાજકુમારે તેમને પ્રણામ કર્યા. ભિક્ષુએ તેને આશીર્વાદ આપ્યા. ‘જીવતો રહે બેટા ! ભગવાન તથાગત તારું સર્વદા ભલું કરે.’ અને પછી ઉમેર્યું –

‘મારું થોડું કામ કરીશ,બેટા !’

‘કેમ,નહીં ? આપ આજ્ઞા આપો.’

‘પેલો સામે દેખાય છે ને તે છોડનાં થોડાંક પત્તાં તોડીને મને આપ.’

‘એમાં શું હમણાં લાવી આપું મહારાજ !’

રાજકુમાર ઘોડા પરથી નીચે ઊતર્યો. અને છોડની તરફ આગળ વધ્યો. ભિક્ષુએ તેને અટકાવ્યો અને કહ્યું :

‘બેટા ! છોડનાં પત્તાં ચાખી લેજે, અને ખાતરી કરી જોજે, તે મીઠાં હોય તો જ લાવજે. કેમકે ભગવાન બુદ્ધ માટે મારે પ્રસાદ તૈયાર કરવાનો છે. તેમાં કડવાં પત્તાં કામ નહીં આવે.’ બુદ્ધ ભિક્ષુએ કહ્યું.

રાજકુમારે જઇને છોડનાં પાંદડાં તોડ્યાં અને ચાખવા માટે જેવાં મોંમાં મૂકયાં કે . . . કડવાશને લીધે રાજકુમારનું મોં બગડી ગયું. એણે થૂંકીને બધાં પત્તાં દૂર ફેંકી દીધાં. અને ક્રોધથી તે છોડ તરફ જોવા લાગ્યો.

‘મહારાજ ! આ તો બહુ કડવાં છે . . .!’

‘રાજકુમાર ! તેં તેને તારા મોંમાંથી કાઢીને દૂર શા માટે ફેંકી દીધાં ?’ બુદ્ધ ભિક્ષુએ પૂછ્યું.

‘મહાત્માજી ! તે તો કડવું ઝેર છે, તેને હું મારા મોઢામાં કેવી રીતે રાખી શકું ?’

‘બેટા કુમાર ! આ સંસારનો પણ એ જ નિયમ છે. અહીંયાં લોકો દરેક કડવી ચીજથી નફરત કરે છે. તેને મોઢામાંથી તો કાઢીને ફેંકી દે છે. તેની સાથે તેની નજીકથી પસાર થવાનું પણ પસંદ કરતા નથી. કડવાશ એ તો તિરસ્કારનો પાયો છે, જ્યારે મીઠાશ પ્રેમનો. . . !’

'પ્રભુ આપ આ શું કહી રહ્યા છો ?'

'બેટા ! હું તને જીવનના સૌથી ગૂઢ રહસ્યની વાત કહું છું જેનું જ્ઞાન તને હજી સુધી નથી મળ્યું . . .! જા, યાદ રાખજે મીઠાશથી તું આખા સંસારનાં મન જીતી શકીશ. સદા મીઠાં વચનો બોલજે, લોકો તને ખૂબ પ્યાર કરશે . . .'

રાજકુમાર પાછો ફર્યો ત્યારે લોકો જોઇ શક્યા કે તે બિલકુલ બદલાઇ ગયો હતો.

તે હવે મીઠાં વચનો જ બોલતો હતો.

રાજા તેના રાજકુમારનો હૃદયપલટો થયેલો જોઇને બહુ રાજી થઇ ગયો. તેના મન પરથી બહુ મોટો બોજો ઊતરી ગયો હતો.

રાજન પટણી